જેલ ખાતાની એક્ઝીક્યૂટીવ સંવર્ગની
વર્ગ–૧ની જગ્યાએ બઢતી માટેની
પસંદગી સમિતિની રચના

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક:જલમ–૫૦૯૯–૨૯૮૯–જ
સચિવાલય,ગાંધીનગર.
તા.૧૪–૯–૨૦૦૦

**સંદર્ભ :** (૧) ગૃહ વિભાગના તા.૧૨–૧૦–૧૯૭૭ના ઠરાવ ક્રમાંક :
ઈએસટી–૧૦૭૭–૩૦૫૧–જ

**ઠરાવ :**

જેલ ખાતાની એક્ઝીક્યૂટીવ સંવર્ગોની વર્ગ–૧ની જગ્યાઓ બઢતીથી ભરવાની વિચારણા કરવા સારુ ઉપર સંદર્ભમાં દર્શાવેલ તારીખ ૧૨–૧૦–૧૯૭૭ના ઠરાવથી નીચે દર્શાવેલ સભ્યોની ખાતાકીય પસંદગી સમિતિની રચના કરવામાં આવેલ છે:–

(૧) સચિવશ્રી(વાહનવ્યવહાર) ગૃહ વિભાગ.
(૨) જેલોના ઈન્સ્પેક્ટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
(૩) નાયબ સચિવશ્રી(જેલ) ગૃહ વિભાગ.

સામાન્ય રીતે વર્ગ–૧ના અધિકારીઓ માટે નિમણૂંક અધિકારી તરીકેની સત્તાઓ સરકારના હસ્તક હોવાથી આવી બઢતીના કેસો સામાન્ય વહીવટ વિભાગ મારફત માન.મંત્રીશ્રી/માન.મુખ્યમંત્રીશ્રી કક્ષા સુધી મંજુરી અર્થે રજુ કરામાં આવે છે. વધુમાં મોટાભાગે વર્ગ–૨ માંથી વર્ગ–૧માં બઢતી અંગે ખાતાકીય પસંદગી સમિતિમાં અન્ય વિભાગો વ્દારા સામાન્ય વહીવટ વિભાગના પ્રતિનિધિ તરીકે સચિવશ્રી (સેવા) સામાન્ય વહીવટ વિભાગ/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રી(કગ) સામાન્ય વહીવટ વિભાગનો સમાવેશ કરવમાં આવેલ છે. આથી અન્ય વિભાગોમાં વર્ગ–૧ સંવર્ગની બઢતી માટેની ખાતાકીય પસંદગી સમિમતિના પ્રતિનિધિઓનો સમાવેશ કર્યો છે તે મુજબ જેલ ખાતાની એક્ઝીક્યૂટીવ સંવર્ગની વર્ગ–૧ની જગ્યાઓમાં બઢતી માટેની ખાતાકીય પસંદગી સમિતિમાં સામાન્ય વહીવટ વિભાગના પ્રતિનિધિ તરીકે તે વિભાગના સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/અધિક મુખ્ય સચિવશ્રીનો સમાવેશ કરવાની બાબત સરકારની વિચારણા હેઠળ હતી.

ઉક્ત બાબતે પુખ્ત અને કાળજીપૂર્વકની વિચારણાને અંતે જેલ ખાતાની એક્ઝીક્યૂટીવ સંવર્ગની વર્ગ–૧ની જગ્યાએ બઢતી માટે વિચારણા કરવા સારુ નીચે દર્શાવ્યા પ્રમાણે ખાતાકીય

......પાનુ–૨

૧(૧)



પસંદગી સમિતિની રચના કરવાનું આથી ઠરાવવામાં આવે છેઃ–

**પસંદગી સમિતિ**

(૧) સચિવ/અગ્ર સચિવ/અધિક મુખ્ય સચિવશ્રી(વાહનવ્યવહાર) ગૃહ વિભાગ, અધ્યક્ષ
(૨) સચિવશ્રી(સેવા) સામાન્ય વહીવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર, સભ્ય
(૩) જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ, સભ્ય.

૩૮

આ હુકમો ગૃહ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અગ્ર સચિવશ્રી(કગ) સામાન્ય વહીવટ વિભાગની તા.૫.૯.૨૦૦૦ની નોંધથી મળેલ સંમતિના આધારે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી/–
**મયૂર આઈ.ભટ્ટ**
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,
(૧) અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઈન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, સુભાષબ્રીજ સર્કલ પાસે, અમદાવાદ–૨૭
(૨) સચિવશ્રી(વાહનવ્યવહાર) ગૃહ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૩) સચિવશ્રી(સેવા) સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય,ગાંધીનગર,
(૪) ઉપસચિવશ્રી, ગ–૨ શાખા, સચિવાલય, ગાંધીનગર,
(૫) સેકશન અધિકારી સિલેકટ ફાઈલ,
(૬) નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ,
(૭) શાખા સિલેકટ ફાઈલ.